ચૂંટણી કાર્યક્રમ જાહેર થતા આચારસંહિતા અમલી

સરકાર દ્વારા વિવિધ પોસ્ટરો હટાવવાની પણ કામગીરી શરૂ : કોર્પોરેશનનાં સેક્રેટરી દ્વારા વિવિધ કમિટીનાં ચેરમેન સહિત તમામ પદાધિકારીઓની ગાડી જમાં કરવા આદેશ કરાયો

ગાંધીનગર,તા.૩

ગુજરાત વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર થતાની સાથે જ રાજયભરમાં આચારસંહિતા લાગૂ થઈ ગઈ છે. જેને લઈ તંત્ર હરકતમાં આવ્યું છે. અમદાવાદમાં કોર્પોરેશનનાં સેક્રેટરી દ્વારા વિવિધ કમિટીનાં ચેરમેન સહિત તમામ પદાધિકારીઓની ગાડી જમાં કરવા આદેશ કરાયો છે. તો બીજી તરફ શહેરમાં સરકાર દ્વારા લાગેલા વિવિધ પોસ્ટરો હટાવવાની પણ કામગીરી શરૂ થઈ ગઈ છે.

વિધાનસભાની ચુંટણી જાહેર થયા બાદ આચારસંહિતા લાગુ થઈ જતાં રાજ્યમાં અનેક વિસ્તારોમાં રાજકીય પક્ષોએ લગાવેલા બેનરો હટાવવાની કવાયત શરૂ કરવામાં આવી છે. આજે અમદાવાદ સહિત વડોદરામાં પણ કોર્પોરેશને લગાવેલા રાજકીય પક્ષોના પોસ્ટરો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. રાજકોટમાં પણ રાજનેતાઓના પોસ્ટર અને બેનરો ઉતારવાની કામગીરી હાથ ધરાઈ હતી. વિધાનસભાની ચૂંટણીની તારીખ જાહેર થતા આચારસંહિતા લાગુ થઈ ગઈ છે. જેને લઈ પંચમહાલ જિલ્લામાં બેનર દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આજે ગોધરા પાલિકા દ્વારા રાજકીય પક્ષોના બેનર્સ હટાવાયા હતા. આ સાથે જાહેર યોજનાકીય નેતાઓના બેનરો પણ દૂર કરાયા છે. પાલિકા દ્વારા ગોધરા બસ સ્ટેન્ડ, ચર્ચ સર્કલ સહિતના વિસ્તારોમાં બેનરો હટાવાયા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીની જાહેર થતાં તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે. જેને લઈ ગાંધીનગરના મનપા વિસ્તારમાં સરકારી

જાહેરાતો દૂર કરવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે. આચાર સંહિતા લાગુ થતા સરકારી જાહેરાતોના બેનરો ઉતરવાની કામગીરીમાં સમગ્ર રાજ્યમાં સરકારી જાહેરાતોના બેનરો અને પોસ્ટરો હટાવાશે. રાજ્યમાં ચૂંટણીની તારીખો જાહેર થયા બાદ નવસારી નગરપાલિકાની કચેરી બહાર દિવાળીની શુભેચ્છાનાં બેનરો હટાવાયા છે. વિધાનસભાની ચૂંટણી જાહેર થતાં આચાર સંહિતા અમલી બનતા પાલિકાએ શહેરમાં ઠેર ઠેર લાગેલા રાજકીય પક્ષોના બેનર્સ દૂર કર્યા છે. ચૂંટણી જાહેર થયા બાદ રાજકોટ પાલિકા દ્વારા પણ આચારસંહિતાની અમલવારી શરૂ કરવામાં આવી છે. જેને લઈ એસ્ટેટ વિભાગે સરકારે લગાવેલા પોસ્ટરો હટાવ્યા છે. આ સાથે રાજનેતાઓના પોસ્ટર અને બેનરો ઉતારવાની કામગીરી કરી શહેરના ૧૮ વોર્ડના મુખ્ય રસ્તાઓ પરના પોસ્ટરો હટાવાયા છે.

ગુજરાત વિધાનસભા ચૂંટણીની તારીખ જાહેર થતા તંત્ર એક્શનમાં આવ્યું છે. જેને લઈ વડોદરામાં પદાધિકારીઓએ ગાડીઓ જમા કરાવી છે. મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સહિતના પદાધિકારીઓએ ગાડીઓ જમા કરાવી છે. આ સાથે નોડલ અધિકારીઓ દ્વારા શહેરમાં લગાવેલ રાજકીય પક્ષોના હોર્ડીંગ ઉતારાયા છે. ચૂંટણીની જાહેરાત બાદ આચાર સંહિતા લાગુ થતાં અમદાવાદનું તંત્ર હરકતમાં આવ્યું છે. જેને લઈ કોર્પોરેશનનાં સેક્રેટરી દ્વારા પદાધિકારીઓની ગાડી જમાં કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. વિવિધ કમિટીનાં ચેરમેન સહિત તમામ પદાધિકારીઓની ગાડી જમાં કરવા આદેશ અપાયો છે. મહત્વનું છે કે, ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આગામી ૧ અને ૫ ડિસેમ્બરે યોજાનાર છે. જેમાં પ્રથમ તબક્કાનું મતદાન ૧ ડિસેમ્બરે અને બીજા તબક્કાનું મતદાન ૫ ડિસેમ્બરે યોજાશે. આ સાથે ગુજરાત વિધાનસભા ચૂંટણીની મતગણતરી ૮ ડિસેમ્બરે થશે. ગુજરાતમાં બે તબક્કામાં ૧ ડિસેમ્બર અને ૫ ડિસેમ્બરે મતદાન થશે. હિમાચલ પ્રદેશની સાથે ગુજરાતનું પણ પરિણામ ૮મી ડિસેમ્બરે જાહેર થશે.

ગુજરાતમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનો જીતનો દાવો

પ્રમુખ સી.આર.પાટીલ, જગદીશ ઠાકોર અને અરવિંદ કેજરીવાલના નિવેદનમાં વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો

ગાંધીનગર, તા.૩

ગુજરાત વિધાનસભા ચૂંટણીની જાહેરાતો થતાંની સાથે જ હવે નેતાઓની ચૂંટણીલક્ષી કામગીરી ગતિ પકડશે. છેલ્લા કેટલાય સમયથી ભાજપ, કોંગ્રેસ અને આપ દ્વારા ગુજરાતમાં જીતના દાવા કરવામાં આવી રહ્યા છે. તેવામાં પ્રદેશ ભાજપ પ્રમુખ સી. આર. પાટીલ, જગદીશ ઠાકોર અને આપ નેતા અરવિંદ કેજરીવાલના નિવેદન સામે આવ્યા છે. જેમાં તમામે પોતપોતાની સરકાર બનતી હોવાની વાતનો સૂર પુરાવ્યો છે. ચૂંટણીની તારીખોનું એલાન થયા બાદ ગુજરાત ભાજપ પ્રમુખ સી.આર. પાટીલે ટ્વીટ કર્યુ છે. તેમણે ટ્વીટમાં કહ્યું કે બે દાયકામાં ગુજરાતે વિશ્વસ્તરે અનોખી છાપ ઊભી કરી છે, ભાજપ સરકારના સુશાસનના કરાણે આ શક્ય બન્યું છે. હવે ગુજરાતના વિકાસને વેગ આપવા માટે ફરી એકવાર ભાજપ તૈયાર છે. છેલ્લા બે દાયકામાં ગુજરાતમાં ચાલી રહેલી વિકાસયાત્રાને સૌ કોઈએ જોઈ છે. આ વિકાસયાત્રાના સહભાગી બની સૌએ ભાજપને ખૂબ આશીર્વાદ પણ આપ્યા છે. આ વખતે ફરી એકવાર સૌનાં આશીર્વાદ મળશે. તેવો વિશ્વાસ પાટીલે આશાવાદ વ્યક્ત કર્યો હતો.

ગુજરાતનાં સર્વ નાગરિકો પ્રધાનમંત્રીનાં નેતૃત્વમાં કાર્યશીલ ભાજપાની વિકાસનીતિ અને આત્મનિર્ભરતાને વધુ મજબૂત બનાવવાની દિઘર્દ્રષ્ટિને ફરીવાર સ્નેહ અને વિશ્વાસ સાથે વધાવી ગુજરાતમાં કમળ ખીલવશે એવો મને વિશ્વાસ છે. વધુમાં પાટણમાં કોંગ્રેસનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો. આ વેળાએ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરે ચૂંટણીને લઈને ભાજપ પર નિશાન સાધ્યું હતું. જેમા ભાજપ દ્વારા ધારાસભ્યોને ખરીદવા અને જેલમાં મોકલવાના પ્રયાસો કરવામાં આવ્યા હોવાના આક્ષેપ કરવામાં આવ્યો હતો. વધુમાં જગદીશ ઠાકોરએ જણાવ્યું કે કોંગ્રેસના વફાદાર ધારાસભ્યો રિપીટ થશે.આ દરમિયાન જગદીશ ઠાકોરે પાટણની ચારેય બેઠક જીતવાનો પણ દાવો કર્યો હતો. બીજી તરફ દિલ્હીના મુખ્યમંત્રી અને આપના સર્વેસર્વા અરવિંદ કેજરીવાલનું નિવેદન સામે આવ્યું છે. જેમાં તેમણે જણાવ્યું કે હું લોકોને મોંઘવારીમાંથી મુક્તિ અપાવીશ. વધુમાં રાજ્યમાં લોકોને મફતમાં વીજળી આપીશ અને રાજ્યમાં સારવાર માટે શ્રેષ્ઠ હોસ્પિટલ બનાવીશ. તથા ગુજરાતમાં રોજગારીનું સર્જન કરવાનો પણ કેજરીવાલએ દાવો કર્યો છે. આ વખતે એક મોકો આપો હું તમારો ભાઈ બનીને રહીશ તેમ પણ કેજરીવાલે જણાવ્યું હતું. ઉપરાંત કેજરીવાલે ટ્વિટ કરીને એમ પણ જણાવ્યું હતું કે ગુજરાતની જનતા આ વખતે મોટા પરિવર્તનના મૂડમાં છે. જેને લઈને અમે જીતીશું તેમ જણાવ્યું હતું.

ચૂંટણીની જાહેરાત પહેલા હોમગાર્ડ અને જીઆરડી જવાનનો પગાર વધાર્યો

હોમગાર્ડ જવાનોને પ્રતિદિન મળતાં ભથ્થામાં વધારો

હોમગાર્ડ જવાનોને હવેથી રૂા.૪૫૦ અને જીઆરડી જવાનોને રૂા.૩૦૦ પ્રતિદિનના મળશે : જીઆરડી અને હોમગાર્ડના જવાનો માટે આજનો દિવસ દિવાળી જેવો બનશે : રાજ્યગૃહમંત્રી હર્ષ સંઘવી

ગાંધીનગર,તા.૩

ગુજરાત ચૂંટણીની તારીખ જાહેર થાય તે પહેલા રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો છે. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ નવો પગાર વધારો જાહેર કર્યો છે. હોમગાર્ડ અને GRD જવાનના દૈનિક ભથ્થામાં વધારો કરાયો છે. હવે હોમગાર્ડના જવાનને પ્રતિદિન ૩૦૦ રૂપિયાના બદલે ૪૫૦ રૂપિયા મળશે. જેથી ૧૫૦ રૂપિયાનો વધારો આપવામાં આવ્યો છે. આ સાથે GRD જવાનને પ્રતિદિન ૨૦૦ રૂપિયાના બદલે ૩૦૦ રૂપિયા આપવામાં આવશે. ૧ નવેમ્બર ૨૦૨૨થી હોમગાર્ડ અને GRDના જવાનોનો પગાર વધારો લાગુ પડશે. આ અંગેની જાહેરાત કરતા

રાજ્યગૃહમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, જીઆરડી અને હોમગાર્ડના જવાનો માટે આજનો દિવસ દિવાળી જેવો બનશે. હોમગાર્ડનાં સભ્યને પ્રતિદિન ૩૦૦નાં બદલે ૪૫૦ રૂપિયા મળશે. જીઆરડીનાં સભ્યાને હાલનાં પ્રતિદિન ૨૦૦ને બદલે ૩૦૦ રૂપિયા મળશે. માનદ વેતન સુધારાની અમલવારી ૧-૧૧-૨૦૨૨થી ગણવામાં આવશે. હિમાચલ પ્રદેશની ચૂંટણીનું પરિણામ ૮ ડિસેમ્બરે જાહેર થવાનું છે. ત્યાં ૧૨મી નવેમ્બરના દિવસે મતદાન યોજાવવાનુંછે. જ્યારે ૨૪ દિવસ પછી પરિણામ જાહેર થવાનુંછે. તોઆ ૨૪ દિવસ દરમિયાન ચૂંટણી પંચ ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીનું આયોજન કરે તેવી પ્રબળ શક્યતાઓ છે. સામાન્ય રીતે ચૂંટણીમાં મતદાન થાય ત્યારબાદ ત્રણથી ચાર દિવસમાં જ પરિણામ જાહેર કરી દેવામાં આવે છે. તેવામાં હિમાચલ પ્રદેશની ચૂંટણીમાં મતદાન પછી ૨૪ દિવસે પરિણામ જાહેર થવાનુંછે.

લીલી પરિક્રમા શ્રદ્ધાળુઓ પહોંચતા એક દિવસ વહેલી શરૂ કરી દેવાઈ

ભાવિકો ઉત્તર દિશામાં પહાડો વટાવતાં અંદાજે સાડા ત્રણ માઈલ દૂર હસનાપુર કે જીણાબાવાની મઢીએ રાત્રી રોકાણ કરે છે

જુનાગઢ,તા.૩

ગિરનાર ક્ષેત્રમાં યોજાતી લીલી પરિક્રમાનું ધાર્મિક મહત્વ ઘણું માનવામાં આવે છે. કોરોનાને કારણે બે વર્ષથી લીલી પરિક્રમમા સામાન્ય લોકો માટે બંધ રાખવામાં આવી હતી. જોકે, આ વખતે પહેલાની જેમ જ લીલી પરિક્રમા શરૂ કરવામાં આવી છે. આ પરિક્રમા માટે મોટી સંખ્યામાં લોકો ઉમેટ્યા હોવાને કારણે તેનો પ્રારંભ એક દિવસ પહેલા જ કરી દેવામાં આવ્યો છે. આજે વહેલી સવારે પાંચ કલાકે ઇટવા ઘોડી ગેટ ખોલીને આશરે બે લાખ લોકોએ પરિક્રમા શરૂ કરી છે. સામાન્ય રીતે ગિરનારની લીલી પરિક્રમા કારતક સુદ અગિયારસથી શરૂ થતી હોય છે. બે લાખથી વધુ શ્રદ્ધાળુઓએ આજે સવારે પાંચ કલાકે લીલી પરિક્રમાનો પ્રારંભ કર્યો છે. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ સમય પહેલા જ આવી જતા આ પરિક્રમાનો વહેલો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. પરિક્રમા માટે શ્રદ્ધાળુઓનો અવિરત પ્રવાહ ચાલુ જ છે. આ વખતે એક દિવસ પહેલા જ આ પરિક્રમાનો પ્રારંભ કરવામાં આવતા માનવામાં આવે છે કે, આ વખતે ભીડ નહીં થાય. આપને જણાવીએ કે, ગિરનારની લીલી પરિક્રમા કારતક સુદ અગિયારસથી પૂનમ સુધી ચાલે છે. જેમાં એકાદશીના દિવસે દામોદર કુંડમાં સ્નાન કરી, દામોદરજીના દર્શન કરી, ભવનાથ મહાદેવ દૂધેશ્વર મહાદેવના દર્શન કરી, ગિરનાર તળેટીમાં રાત્રિ પસાર કરે છે. અગિયારસની રાત્રીએ લીલી પરિક્રમાનો વિધિવત આરંભ થાય છે. બારસના દિવસે ભવનાથ તળેટીના દુધેશ્વરની જગ્યા રૂપાયતન ગેટ પાસેથી પરિક્રમાનો પ્રારંભ થાય છે. ભાવિકો ઉત્તર દિશામાં પહાડો વટાવતાં અંદાજે સાડા ત્રણ માઈલ દૂર હસનાપુર કે જીણાબાવાની મઢીએ રાત્રી રોકાણ કરે છે. જે પછી કારતક સુદ તેરસના દિવસે આગળ વધીને માળવેલા કે જ્યાં સૂરજકુંડની જગ્યા છે, તેવા ગિરનારના ઉત્તર કિનારે પડાવ નાખીને ભાવિકો રાત્રી વિશ્રામ કરે છે. ચૌદશના દિવસે માળવેલાથી ઉપડી ગિરનારની પૂર્વમાં થઈ દક્ષિણ બાજુ બોરદેવીમાં પડાવ નાખવાનો હોય છે. અહીં બોરડી નીચે માતાજી બિરાજમાન છે, જ્યાં બારેમાસ પાણી રહે છે. આ જગ્યા કુદરતી સૌંદર્યથી ભરપૂર હોવાને કારણે, ભાવિકો અહીં પ્રકૃતિનો મન ભરીને આનંદ માણે છે. પૂનમના દિવસે સવારે બોરદેવીથી નીકળીને ભાવિકો ભવનાથ તળેટીમાં પરત ફરે છે.

પરિક્રમાના રસ્તે અનેક ઉતારા મંડળો દ્વારા ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે. જ્યારે કેટલાક ભાવિકો ઘરેથી જ કાચી સામગ્રી લઈને આવે છે અને જંગલમાં ભોજન બનાવી, વન ભોજનનો આનંદ માણે છે.

ગુજરાતનું ગૌરવ, ભારતની શાન

બ્રિટનની પાર્લામેન્ટમાં ડૉ. કુમારપાળ દેસાઈને 'અહિંસા ઍવૉર્ડ' એનાયત થશે

અગાઉ નેલ્સન મંડેલા, દલાઈ લામા, આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી, ડૉ. પદ્મનાભ જૈનીને એવોર્ડ મળ્યો છે

ભારતને માટે એક ગૌરવભરી ઘટના છે કે બ્રિટનની પાર્લામેન્ટમાં ડૉ. કુમારપાળ દેસાઈને અહિંસા ઍવૉર્ડ મળવાનો છે. ગુજરાતની આ પ્રથમ વ્યક્તિ છે જેમને આ ઍવૉર્ડ મળે છે અને ભારતમાંથી આ ઍવૉર્ડ પ્રાપ્ત કરનાર ચોથી વ્યક્તિ છે. એ રીતે આ ઘટના પ્રત્યેક ગુજરાતીને માટે એક ગૌરવભરી ગણાય.

જાણીતા સાહિત્યકાર, શિક્ષણવિદ્, ધર્મદર્શન તથા અનેકવિધ સંસ્થાઓના રાહબર ડૉ. કુમારપાળ દેસાઈને ઈંગ્લેન્ડની ત્રીસથી વધુ સંસ્થાઓના સંગઠન 'જૈન ઑલ પાર્ટી પાર્લામેન્ટરી ગ્રૂપ' દ્વારા આગામી ૧૬મી નવેમ્બરે ૬.૦૦થી ૮.૦૦ દરમિયાન લંડનના હાઉસ ઑફ કૉમન્સમાં અહિંસા ઍવૉર્ડ એનાયત થશે.

પ્રતિવર્ષ અહિંસા દિવસની ઉજવણી સાથે આ અહિંસા ઍવૉર્ડ આપવામાં આવે છે. જે વ્યક્તિએ પોતાના જીવનકાર્ય દ્વારા અનુકંપાની ભાવનાનો વિસ્તાર કર્યો હોય તેવી વ્યક્તિને આ ઍવૉર્ડ એનાયત થાય છે. સાહિત્ય અને પત્રકારત્વમાં મૂલ્યનિષ્ઠા તેમજ શિક્ષણ, ધર્મદર્શન અને સમાજસેવામાં સંવેદનાત્મક યોગદાન આપવા માટે આ ઍવૉર્ડ આપવામાં આવે છે. આ અગાઉ નેલ્સન મંડેલા, દલાઈ લામા, આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી, ડૉ. પદ્મનાભ જૈનીને આ ઍવૉર્ડ અર્પણ કરવામાં આવ્યો છે. લંડનની પાર્લામેન્ટના કમિટી રૂમમાં યોજાયેલા આ સમારંભમાં બ્રિટિશ પાર્લામેન્ટના સભ્યો, ઈન્ટરફેઈથ(વિવિધ ધર્મો)ના અગ્રણીઓ તેમજ ભારતીય અને જૈન સમાજના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત બર્મિંગહામ યુનિવર્સિટીમાં શરૂ થનારા જૈનિઝમના અભ્યાસક્રમ અંગે ૈં થશે તેમજ ઓસવાળ સેન્ટર, નવજીવન સેન્ટર તથા શ્રીમદ્ રાજચંદ્ર કેન્દ્ર દ્વારા પણ ઈંગ્લેન્ડમાં પદ્મશ્રી સન્માનિત કુમારપાળ દેસાઈનાં પ્રવચનો યોજવામાં આવ્યાં છે.

તપાસના નામે મીંડુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિભાગના ચોપડે આવાસ મામલે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. એકબાજુ નવા આવાસો તૈયાર થવામાં હજુ સમય લાગે તેમ છે. ત્યારે જુના આવાસો પૈકી રહેણાંકને લાયક મકાનો બહુ ઓછા છે. આ સ્થિતિ વચ્ચે શહેરના સેકટરોમાં અગાઉ ફાળવવામાં આવેલા સરકારી આવાસોમાં અન અધિકૃત કબજેદારોને દુર કરવામાં નિરસતા સેવાઈ રહી છે. આવાસોમાં અન અધિકૃત કબજેદારોની તપાસ માટે હાથ ધરાયેલી ઝુંબેશ પણ શરૂ થતાની સાથે જ આટોપી લેવામાં આવી છે. અગાઉ નવ નિર્મિત આવાસોમાંથી પણ પેટાભાડુઆતો ઝડપાયા હતા જયારે જુના સરકારી આ—વાસોમાં પણ અનઅધિકૃત કબજેદારોના લીધે સરકારી ચોપડે મોટી થતી પ્રતિક્ષા યાદીને પણ ન્યાય મળતો નથી. આવા સંજોગોમાં સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં વસવાટ કરતા ગેરકાયદેસર કબજેદારોને દુર કરવા માટે પણ કોઈ પગલા લેવાતા નથી. જેના લીધે આવાસોની ઘટ વચ્ચે કર્મચારીઓને મકાનની ફાળવણી કરવાની પ્રક્રીયા વધુ જટીલ અને મુશ્કેલ બની છે. શહેરમાં જોખમી આવાસોમાં પણ પરિવારનો વસવાટ છે. જયારે આવાસો તોડવાની સાથે નવા મકાનો બાંધવા માટે પણ ઝડપથી નવી સાઈટ પસંદ કરવામાં આવતી નથી ત્યારે બીજીતરફ નિવૃતિ , બદલી અને અવસાનના કિસ્સામાં પણ હજુ મકાનો ખાલી કરાયા ન હોવાનો રોષ પણ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે.

લીકેજીસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે વધુ સાવધ રહેવુ પડશે જયારે પાણીનો બગાડ અને બિન જરૂરી ઉપયોગ પણ અટકશે તેમ પણ અધિકારીઓનુ માનવુ છે. ત્યારે હાલમાં પણ શહેરમાં પાણીનો વિશેષ બગાડ થાય છે. નગરની વિવિધ સરકારી કચેરીઓ તેમજ જાહેર સ્થળોએ ગમે ત્યારે પાણી બિન જરૂરી વહી જતુ નજરે પડે છે. તેમાંય પાણીની નવી લાઈન નાંખવાની કામગીરી દરમિયાન હયાત લાઈનમાં ભંગાણ થતા હોવાના પણ અનેકવાર કિસ્સા સામે આવે છે. ત્યારે બીજીતરફ પાણીનો વપરાશ ઘટે તેવા કિસ્સામાં ઠંડીના દિવસોમાં લાઈનમાં પ્રેશર વધવાના લીધે પણ લીકેજીસની સમસ્યા વધી જતી હોય છે. શહેરમાં સતત બીજા દિવસે પાણીના લીકેજની સમસ્યા સામે આવી છે. શહેરના ચ-૩ સર્કલ પાસે ગઈકાલે પાણીની લાઈનમાં લીકેજીસ હોવાના લીધે ઠેર ઠેર ખાબોચિયા ઉભરાયા હતા જયારે આજે નગરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપો પાસે પણ ગેટ બહાર પાણીનો બગાડ થતો હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. આ વિસ્તારમાં માર્ગ પર પાણીનો ભરાવો થયો હતો. ડેપો સંકુલના ગેટ પાસે પાણીનો ભરાવો થયો હતો. જેના લીધે માર્ગ પર જતા રાહદારીઓનુ મોં પણ વંકાયુ હતુ. શહેરમાં પાણીના લીકેજીસની સમસ્યા વારંવાર ઉદભવે છે ત્યારે તંત્રએ પણ આ મામલે યોગ્ય સર્વે હાથ ધરી લાઈનનુ ચેકીંગ કરીને લીકેજીસને ઉગતા ડામવા માટે પણ કામગીરી હાથ ધરવી જોઈએ તેવી પણ માંગ ઉઠવા પામી છે.

મતદારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાત અને મધ્ય ગુજરાતમાં મતદાન થશે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે આ વખતે ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે કુલ ૪ કરોડ ૯૦ લાખ (૪,૯૦,૮૯,૭૬૫) મતદારો નોંધાયા છે. જેમાં ૨.૫ કરોડ (૨,૫૩,૩૬,૬૧૦) પુરુષ મતદારો અને ૨.૩૭ કરોડ (૨,૩૭,૫૧,૭૩૮) મહિલાઓ મતદારોનો સમાવેશ થાય છે. આ સિવાય સર્વિસ ઈલેક્ટર્સ, પીડબલ્યુડી અને પ્રથમ વખત વોટ કરનારાનો સમાવેશ થાય છે. પ્રથમ વખત વોટ કરનારાની સંખ્યા ૪,૬૧,૪૯૪ છે.

મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

જાહેરાત કરી નથી પરંતુ સૂત્રો અનુસાર બંને પક્ષોએ પોતાની યાદી સંપૂર્ણપણે તૈયાર કરી દીધી છે. ભાજપના અમિત શાહ ત્રણ દિવસ ગુજરાતની મુલાકાતે છે અને ચૂંટણીની વ્યૂહરચના તેમ જ તમામ બેઠકો પરના સંભવિત ઉમેદવારોના નામોની ચર્ચા કરવા બેઠક પણ બોલાવી છે. આ અગાઉ તેમણે માત્ર ૨૫ ટકા ચહેરા બદલાશે તેવું કહ્યું હતું, તો ભાજપ અધ્યક્ષ સી આર પાટીલે ઘણાં ચહેરાં બદલાઈ જશે તેવી વાત કરી છે.

ટચુકડી
જાહેર ખબર
ગાંધીનગર સમાચાર
દર ગુરુવારે-રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧